# વોલિબોલ પ્રેક્ટીસ કરતા ખેલાડીઓ તા. ૨૫/૦૯/૨૦૧૮





ખેરગામ કોલેજ ગ્રાઉન્ડ પર પ્રેક્ટીસ કરતા વિદ્યાર્થી બેહનોને માર્ગદર્શન આપતા
પી.ટી.આઇ બીપીનચંદ્ર એસ.પટેલ



પ્રેક્ટીસ કરતી વિદ્યાર્થી બેહનો



પ્રેક્ટીસ કરતા વિદ્યાર્થી ભાઈઓ





ખેલમહાકુંભ જીલ્લા કક્ષાએ કાંગવઈ હાઈ. ખાતે યોજાયેલ વોલીબોલ સ્પર્ધા અને સાથે
પી.ટી.આઇ બીપીનચંદ્ર એસ.પટેલ

# સરકારી વિનયન અને વાણિયજ કોલેજ,ખેરગામ ખાતે સ્પોર્ટ્સ વિકનું આયોજન

## તા.૫/૧/૨૦૧૯ થી તા.૯/૦૧/૨૦૧૯





કબડ્ડી સ્પર્ધાનો શુભ આરંભ કરાવતા આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ





સ્પોર્ટ્સ વીક નિમિતે કબડ્ડી સ્પર્ધા રમતા વિદ્યાર્થીઓ





સ્પોર્ટ્સ વીક નિમિતે એથ્લેટીક્સ સ્પર્ધા કરતા ખેલાડીઓ

 

વિવિધ દોડ માં ભાગ લેતા વિદ્યાર્થી બેહનો

 

દોડ સ્પર્ધા માં ભાગ લીધેલ ખેલાડીઓને પ્રોત્સાહન આપતા પ્રો. સુનીલભાઈ જાદવ

 

દોડની રમતમાં ભાગ લિધેલ ખેલાડીઓને સ્ટાર્ટ આપતા પી.ટી.આઇ બીપીનચંદ્ર એસ.પટેલ





ચક્ર ફેંકતા વિદ્યાર્થીઓ સાથે ઓફિસિયલ તરીકે પ્રો. સુનીલભાઈ જાદવ અને ડૉ. ધર્મેન્દ્રભાઈ નકુમ





ચક્ર ફેકતી વિદ્યાર્થી બેહનો





ચક્ર ફેંકતા વિદ્યાર્થી ભાઈઓ




સ્પોર્ટસ વીક દરમીયાન ક્રિકેટ ટુર્નામેન્ટને ફાઈનલ સ્પર્ધા માટે શુભારંભ કરાવતા આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ અને. ડૉ. યોગેશભાઈ મિસ્ત્રી



ક્રિકેટ રમતા ખેલાડીઓને પ્રોત્સાહન આપતા આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ



ક્રિકેટ જોવામાં વ્યસ્ત કોલેજના વિદ્યાર્થીઓ




ક્રિકેટ રમવામાં વ્યસ્ત ખેલાડીઓ





ફાઈનલ મેચમાં આવેલ ટીમ અને આપવામાં આવતી ટ્રોફી



વિજેતા ટીમને ટ્રોફિ એનાયત કરતા આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ



ઉપ વિજેતા ટીમને ટ્રોફિ એનાયત કરતા ડૉ.વાય.જે.મિસ્રી



ઇન્ટર કોલેજ ક્રિકેટમાં ફાઈનલ વિજેતા ટીમ



ઇન્ટર કોલેજ ક્રિકેટમાં રનર્સઅપ વિજેતા ટીમ












# ખેરગામ કોલેજના ચાર વિદ્યાર્થીએ હાફ મેરેથોન દોડમાં પ્રશંસનીય દેખાવ કર્યો

## ચીખલી જેસીઆઈ દ્વારા આયોજિત સ્પર્ધામાં ૧૨૦૦ સ્પર્ધકોએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું

ખેરગામ,તા.૧૭

ચીખલીના JCI દ્વારા તા.૧૩ જાન્યુઆરી,૨૦૧૯ ને રવિવારના રોજ આયોજિત મેરેથોન દોડ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 5 KM & 10 KM, 21 KM તથા દિવ્યાંગો માટે સાઈકલ સ્પર્ધા આમ વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં અંદાજિત ૧૨૦૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં ખેરગામની સરકારી વિનયન અને વાણીજ્ય કોલેજના ચાર વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાં નિર્ધારીત 5 KM તમજ 10 KMની ફી રૂ.600, તથા 21 KMની ફી રૂ.1300 ભરી રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. જેમાં ગોવિંદ ચમાર ભોયેને 5 KMમાં પ્રથમ ક્રમે ટ્રોફી વિજેતા, હરેશ ધીરૂ પવારને 10 KM દોડમાં દ્વિતીય ક્રમે વિજેતા જાહેર કરી ટ્રોફી, મેડલ તેમજ રૂ. 2000 ચેક પુરસ્કાર અને સુલેમાન પ્રકાશ પવારને 21 KM દોડમાં દ્વિતીય ક્રમે વિજેતા જાહેર કરી ટ્રોફી, મેડલ તેમજ રૂ.3000 ચેક પુરસ્કાર એનાયત કર્યા હતા. પ્રકાશ મનુ ગાયકવાડે પણ સાતમા ક્રમ પર રહી ચાર દોડવીર વિદ્યાર્થીઓએ ખૂબ જ સારા ટાઈમિંગ સાથે સ્પર્ધા પૂર્ણ કરી હતી. આ ચાર દોડવીર વિદ્યાર્થીઓને કોલેજના આચાર્ય ડો. સંજય એમ. પટેલે અને કોલેજના શારીરિક શિક્ષણના અધ્યાપક બિપીનચંદ્ર પટેલે તથા સમગ્ર કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યાં હતાં

Gujarat Gardian, 18-01-2019, Page No.,07

**JCI ચીખલી આયોજિત વિજેતા થયેલ વિદ્યાર્થીઓ**









# ખેરગામ કોલેજના વિદ્યાર્થીઓ હાફ મેરેથોન દોડમાં પ્રથમ ક્રમે વિજેતા

## આ દોડમાં અંદાજે 1000 જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો

ભાસ્કર ન્યૂઝ | ખેરગામ

"RUN FOR ENVIRONMENT HEALTH" નાં હેતુથી 30 ડિસે. 2018 રવિવાર નાં રોજ લાયન્સ ક્લબ ચીખલી દ્વારા હાફ મેરેથોન દોડ સ્પર્ધા 2KM, 5KM, 10KM રાખવામાં આવેલ હતી. આ સ્પર્ધામાં અંદાજીત 1000 સ્પર્ધકોએ રજીસ્ટ્રેશન કરાવી ભાગ લીધો હતો.સરકારી વિનયન અને વાણીજ્ય કોલેજ ખેરગામ દ્વારા બે વિદ્યાર્થીઓએ 5 km માટે રૂ. 400/- અને 10 km માટે રૂ. 600/- ભરી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી ભાગ લીધો હતો. જેમાં પવાર સુલેમાનભાઈ પ્રકાશભાઈ એ 5 km દોડ માં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો અને પવાર હરેશભાઈ ધીરુભાઈ એ 10 km દોડ માં દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ બંને ખેલાડીઓને મેડલ તેમજ ટ્રોફી લાયન્સ ક્લબ ચીખલી દ્વારા એનાયત કરવામાં આવી હતી. આ બંને દોડવીર વિદ્યાર્થીઓને કોલેજનાં આચાર્ય પ્રો. સંજયભાઈ એમ. પટેલે અને કોલેજના શારીરિક શિક્ષણના અધ્યાપક બીપીનચંદ્ર પટેલે તથા સમગ્ર કોલેજ પરીવારે બન્ને દોડવીરોને અભિનંદનની સાથે ધન્યવાદ પાઠવ્યા હતા.

Divy Bhaskar- Valsad-vapi, 03-01-2019, Page No. 03

**લાયન્સ ક્લબ ચીખલી ખાતે વિજેતા થયેલ વિદ્યાર્થીઓ**






ખેલ મહાકુંભ મદ્રેસા હાઈ.નવસારી આયોજિત વિજેતા થયેલ વિદ્યાર્થી તેમજ ખેલ મહાકુંભમાં રાજ્ય કક્ષાએ ભાગ લીધેલ વિદ્યાર્થી પવાર હરેશભાઇ ધીરૂભાઇ



### ખેરગામના વિદ્યાર્થીઓ ખેલમહાકુંભમાં રાજ્યકક્ષાએ ભાગ લેશે



ખેરગામ|સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષ ખેલ મહાકુંભ 2018 નું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.જેમા કબડ્ડી, શૂટિંગ બોલ , તેમજ એથ્લેટિક્સ અને યોગાસનમાં તાલુકા કક્ષાએથી પ્રથમ ક્રમ મેળવી જિલ્લા કક્ષાએ ભાગ લીધેલ હતો. જિલ્લા કક્ષાની સાંઘીક રમત કબડ્ડીમાં ભાઈઓએ તૃત્તિય ક્રમ પ્રાપ્ત કર્યો જેમા 12000રૂ નું પુરસ્કાર તથા સર્ટીફિકેટ પ્રાપ્ત કર્યું હતું. તથા નવસારી ફેડરેશન તરફથી પણ બે ખેલાડીઓની પસંદગી થતા તેઓ આણંદ ખાતે રમવા જશે.પવાર હરેશભાઈ ધિરૂભાઈએ 3000મીટર દોડમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી સર્ટીફિકેટ તેમજ 5000રૂ નું પુરસ્કાર મેળવેલ છે અને રાજ્ય કક્ષાએ ભાગ લેશે.

**Divy Bhaskar-Valsad-Vapi, 24-10-2018, Page no.02**

### ખેરગામના વિદ્યાર્થીઓ ખેલમહાકુંભમાં રાજ્યકક્ષાએ

ભાસ્કર ન્યૂઝ | ખેરગામ

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે ખેલ મહાકુંભ 2018નું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જેમા સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખેરગામના વિદ્યાર્થીઓ સાંઘીક રમતમાં વોલીબોલ, કબડ્ડી, શૂટિંગ બોલ ભાઈઓ બહેનો તેમજ વ્યક્તિગત રમત એથ્લેટિક્સ તેમજ યોગાસન જેવી રમતોમાં ભાગ લીધો હતો.

જિલ્લા કક્ષાની સાંઘીક રમત કબડ્ડીમાં ભાઈઓએ તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો, જેમા રૂ. 12000નું પુરસ્કાર તથા સર્ટીફિકેટ પ્રાપ્ત કર્યું હતું. નવસારી ફેડરેશન તરફથી પણ બે ખેલાડીઓની પસંદગી થતા તેઓ આણંદ ખાતે રમવા જશે. જિલ્લા કક્ષાની એથ્લેટિક્સ રમતમાં પવાર સુલેમાનભાઈ 400 મીટર દોડમાં તૃતીય ક્રમ પ્રાપ્ત કરી રૂ. 2000 તેમજ સર્ટીફિકેટ મેળવ્યું હતું તેમજ પવાર હરેશભાઈ ધીરૂભાઈએ 3000મીટર દોડમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી સર્ટીફિકેટ તેમજ રૂ. 5000નો પુરસ્કાર મેળવ્યો હતો અને રાજ્ય કક્ષાએ ભાગ લેશે. કબડ્ડી ટીમમાંથી બે ખેલાડી ભાઈઓ ગળવી ચૈતરામભાઈ અને ગાયકવાડ ધર્મુભાઈની રાજ્ય કક્ષાએ રમવા માટે પસંદગી થઈ છે, જે અમદાવાદ ખાતે રમવા જશે.

**Divy Bhaskar-Navsari, 24-10-2018, Page no.04**
















## ખેરગામની કોલેજના વિદ્યાર્થી નવસારી મેરેથોન દોડમાં ઝળક્યા

ખેરગામ | ""VOLLEYBALL CHARITY RUN & SPIRIT OF UNITY " નાં હેતુથી 31 જાન્યુ ગુરુવારનાં રોજ AHMEDABAD DEFENDERS દ્વારા નવસારી ખાતે મેરેથોન દોડ સ્પર્ધા 5 KM રખાઈ હતી. જેમાં ખેરગામની સરકારી વિનયન અને વાણીજ્ય કોલેજ દ્વારા બે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પવાર હરેશભાઈ ધીરુભાઈ 5 KM દોડ 18 મિનીટમાં પૂરી કરી દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. તેમજ સર્ટિફિકેટ, મેડલ અને 3000 રૂપિયાનું ગીફ્ટ વાવચર એનાયત કરાયું હતું. અને પવાર સુલેમાનભાઈ પ્રકાશભાઈ પણ ચોથા ક્રમે રહ્યો હતો. આચાર્ય ડો. સંજય પટેલે અને અધ્યાપક બીપીનચંદ્ર પટેલે દોડવીરોને અભિનંદન પાઠવ્યા હતાં.

## પારડી તાલુકા પંચાયતના પ્રમુખનું સન્માન કરાયું

નવસારી કક્ષાએ હાફ મેરેથોન સ્પર્ધામાં વિજેતા થયેલ વિદ્યાર્થી પવાર હરેશભાઇ ધીરૂભાઇ

# ચીખલી તાલુકાના મિયાંઝરી મુકામે N.S.S. ખાસ વાર્ષિક શિબિર

## તા. ૧૭/૧૨/૨૦૧૮ થી ૨૩/૧૨/૨૦૧૮
















કંકુ તિલક કરી શિબિરાર્થીઓને મિયાંઝરી ગામે પ્રસ્થાન કરાવતા આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ